ક્રમાંક: રાચઆ–ચટણ–સમક–નપા–સોનગઢ–૦૮૨૦૧૭

રાજય ચૂંટણી આયોગ,
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૪–૦૮–૨૦૧૭

પ્રતિ,
જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને
કલેકટરશ્રી, તાપી જિલ્લો,
મુ.વ્યારા

વિષય :– **સને–૨૦૧૧ ની વસ્તી ગણતરી પ્રમાણે સોનગઢ નગરપાલિકાની વોર્ડની રચના, સીમાંકન તથા બેઠક ફાળવણી અંગેનો પ્રથમિક આદેશ પ્રસિદ્ધ કરવા બાબત**

---

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગે આપના જિલ્લાની **સોનગઢ** નગરપાલિકાના વોર્ડની રચના, સીમાંકન તથા બેઠક ફાળવણી અંગેના આયોગના **પ્રાથમિક** આદેશોની ૧૦ પ્રતો આ સાથે સામેલ છે. જે **તા.૨૧–૦૮–૨૦૧૭** ના રોજ આપની કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા જાહેર સ્થળોએ તથા સંબંધિત નગરપાલિકાઓના દરેક જાહેર સ્થળોએ બહોળી પ્રસિદ્ધિ કરાવવા અને તે અંગેના અહેવાલ રાજય ચૂંટણી આયોગને તુરત મોકલી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

**બિડાણ : ઉપર મુજબ**

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**નકલ રવાના :–**
ચીફ ઓફિસરશ્રી, **સોનગઢ** નગરપાલિકા, સોનગઢ, **જિ.તાપી**
**પ્રાથમિક** આદેશની ૨૦ પ્રતો આ સાથે સામેલ છે જે આપની કચેરીના નોટિસ બોર્ડ ઉપર તથા દરેક વોર્ડમાં તથા જાહેર સ્થળોએ બહોળી પ્રસિદ્ધિ કરાવવા અને તેનો પ્રસિદ્ધિ અહેવાલ રાજય ચૂંટણી આયોગને તુરત જ મોકલવા સૂચના સહ.

**નકલ સવિનય રવાના :– (આદેશની નકલ સાથે જાણ સારૂ)**
૧. અગ્ર સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૨. અગ્ર સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૩. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
૪. નિયામકશ્રી, માહિતી ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
જરૂરી પ્રેસનોટ સાથે બહોળી પ્રસિદ્ધિ અપાય તેવી વ્યવસ્થા થવા વિનંતી સહ

(૨૦)

૫. વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર તરફ.
આ આદેશ અસાધારણ સરકારી રાજયપત્ર ભાગ–૪(સી)માં તા.૨૯–૦૮–૨૦૧૭ ના રોજ પ્રસિદ્ધ કરવા અને તેનો ગેઝેટની ૨૦ પ્રતો રાજય ચૂંટણી આયોગના કાર્યાલયને મોકલવા તથા જિલ્લા મ્યુનિસિપલ અધિકારી અને કલેકટરશ્રી, **તાપી** તથા ચીફ ઓફિસરશ્રી, **સોનગઢ** નગરપાલિકા ૫ પ્રતો બારોબાર મોકલી આપવા વિનંતી સહ
૬. સીલેકટ ફાઈલ
૭. કચેરીના નોટીસ બોર્ડ ઉપર

**નકલ જયભારત સાથે રવાનાઃ (આદેશની નકલ સાથે)**

૧. પ્રદેશ પ્રમુખશ્રી,
ભારતીય જનતા પાર્ટી, ગુજરાત પ્રદેશ, "શ્રી કમલમ્" પ્રેક્ષા વિશ્વ ભારતી સામે, કોબા સર્કલ, ગાંધીનગર–કોબા રોડ, ગાંધીનગર–૩૮૨૦૦૭
૨. પ્રદેશ પ્રમુખશ્રી,
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ, "રાજીવ ગાંધી ભવન", સંસ્કાર કેન્દ્ર માર્ગ, એલિસબ્રીજ, અમદાવાદ–૩૮૦ ૦૦૬.
૩. પ્રદેશ પ્રમુખશ્રી,
ગુજરાત બહુજન સમાજ પાર્ટી, ગુજરાત પ્રદેશ, ૩ જો માળ, ૩૧ બેરોનેટ કોમ્પ્લેક્ષ, સાબરમતી પોલીસ સ્ટેશન સામે, સાબરમતી,અમદાવાદ
૪. પ્રદેશ પ્રમુખશ્રી,
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ, ૧, મંગલમૂર્તિ કોમ્પ્લેક્ષ, સીટી ગોલ્ડ સીનેમાની સામે, આશ્રમ રોડ, અમદાવાદ–૩૮૦૦૦૯.
૫. સચિવશ્રી,
ભારતીય સામ્યવાદી પક્ષ, ૨૩૪, ઈલોરા કોમર્શિયલ સેન્ટર, બીજો માળ, જી.પી.ઓ. સામે, સલાપસ રોડ, અમદાવાદ–૩૮૦૦૦૧.
૬. રાજય મંત્રીશ્રી, ગુજરાત પ્રદેશ,
ભારતનો સામ્યવાદી પક્ષ (માર્કસવાદી), ગુજરાત રાજય સમિતિ, રાયખડ ચાર રસ્તા, પ્રાર્થના સમાજ, અમદાવાદ–૩૮૦૦૦૧
૭. પ્રદેશ પ્રમુખશ્રી, ગુજરાત પ્રદેશ, સમાજવાદી પાર્ટી, ઠે. ૪, સપના કોમ્પ્લેક્ષ, સ્વામિનારાયણ મંદિર સામે, હરણી રોડ, વડોદરા
૮. પ્રમખશ્રી, જનતાદળ (યુનાઈટેડ), મુ. માલજીપુરા, પો.ધારોલી, તા.ઝગડીયા, જિ.ભરૂચ પીન–૩૯૩૧૧૦

રાજય ચૂંટણી આયોગ
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૪-૦૮-૨૦૧૭

ક્રમાંક : રાચઆ-ચટણ-સમક-નપા-સોનગઢ-યુનિટ-૩/૪-૦૮૨૦૧૭

**સોનગઢ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :**

---

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ-૬ ની પેટા કલમ-૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ-૬ ની પેટા કલમ-૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેડમેન્ટ) એકટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

રાજય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

૨. રાજય સરકારે અધિનિયમની કલમ-૭ તથા કલમ-૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : **કેવી-૧૬૨-ઓફ ૨૦૧૭-એનપીએલ-૪૫૨૦૧૬/૩૩૦૭-એમ., તા.૧૯-૬-૨૦૧૭** થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) **સોનગઢ** શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને-૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તેના આધારે **સોનગઢ** નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની કુલ-૨૮ બેઠકો નકકી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ ખંડ-૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી-૪૯-૧૯૯૪-એનએમપી-૪૫૯૩-૩૬૫૫-એમ, તા.૧૬-૩-૧૯૯૪ અધિનિયમની કલમ-૨૭૭ ની પેટા કલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એકટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસતિ **૨૬૫૧૫** આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ ૩૭૮૮ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૧(એક) બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને તે બેઠક પૈકી કોઈ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવામાં આવેલ નથી.

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૭ સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | અનુસૂચિત જાતિની કુલ વસતિ | વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩૯૪૪ | ૧૯૨ | ૪.૮૭ |
| ૨ | ૩ | ૩૫૩૦ | ૧૩૬ | ૩.૮૫ |
| ૩ | ૬ | ૩૯૬૮ | ૧૧૦ | ૨.૭૭ |
| ૪ | ૧ | ૩૯૮૫ | ૯૯ | ૨.૪૮ |
| ૫ | ૫ | ૩૮૨૭ | ૯૨ | ૨.૪૦ |
| ૬ | ૭ | ૩૮૧૨ | ૭૯ | ૨.૦૭ |
| ૭ | ૪ | ૩૪૪૯ | ૪ | ૦.૧૨ |
| | કુલ | ૨૬૫૧૫ | ૭૧૨ | -- |

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૨ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યામાં ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. પરંતુ આ વર્ગમાં સ્ત્રી બેઠકો નકકી થયેલ નથી.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૨ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

| ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૨ | અનુસૂચિત જાતિ |

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૬ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૬ બેઠકો પૈકી ૩ બેઠકો અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ | વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૭ | ૩૮૧૨ | ૧૪૭૧ | ૩૮.૫૯ |
| ૨ | ૨ | ૩૯૪૪ | ૧૨૪૬ | ૩૧.૫૯ |
| ૩ | ૧ | ૩૯૮૫ | ૧૦૨૩ | ૨૫.૬૭ |
| ૪ | ૪ | ૩૪૪૯ | ૬૬૦ | ૧૯.૧૪ |
| ૫ | ૩ | ૩૫૩૦ | ૬૦૫ | ૧૭.૧૪ |
| ૬ | ૫ | ૩૮૨૭ | ૫૦૮ | ૧૩.૨૭ |
| ૭ | ૬ | ૩૯૬૮ | ૨૭૯ | ૭.૦૩ |
| | કુલ | ૨૬૫૧૫ | ૫૭૯૨ | -- |

આમ, અનુસૂચિત આદિજાતિની વસતિની ઊંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ નં. ૭,૨,૧,૪,૩ અને ૫ માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનુસૂચિત આદિજાતિ સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં આ વર્ગની સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં. ૨,૪ અને ૫ માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર ૭,૧ અને ૩ માં નિયમોના નિયમ-૬ અન્વયે ફાળવવામાં આવેલ છે. જેની નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવેલ છે.

| ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૭ | અનુસૂચિત આદિજાતિ |
| ૨ | ૨ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૩ | ૧ | અનુસૂચિત આદિજાતિ |
| ૪ | ૪ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૫ | ૩ | અનુસૂચિત આદિજાતિ |
| ૬ | ૫ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |

૧૭. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૬ (ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેક્ટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૩ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૩ બેઠકો પૈકી ૧ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

**સોનગઢ** નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

| અ.નં. | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | પછાતવર્ગની વસતિ (અંદાજિત) | વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૩૯૮૫ | ૮૨૯ | ૨૦.૮૦ |
| ૨ | ૬ | ૩૯૬૮ | ૬૨૨ | ૧૫.૬૮ |
| ૩ | ૩ | ૩૫૩૦ | ૫૨૬ | ૧૪.૯૦ |
| ૪ | ૫ | ૩૮૨૭ | ૪૪૫ | ૧૧.૬૩ |
| ૫ | ૭ | ૩૮૧૨ | ૩૬૨ | ૯.૫૦ |
| ૬ | ૪ | ૩૪૪૯ | ૧૭૭ | ૫.૧૩ |
| ૭ | ૨ | ૩૯૪૪ | ૧૬૩ | ૪.૧૩ |
| | કુલ | ૨૬૫૧૫ | ૩૧૨૪ | -- |

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૧,૬ અને ૩ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ નં.૧ અને ૩ માં પછાતવર્ગની અને વોર્ડ નં. ૬ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય છે. જે મુજબ પછાતવર્ગની બેઠક ફાળવવાનું જરૂરી જણાયેલ છે. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ-૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

| ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૧ | પછાતવર્ગ |
| ૨ | ૬ | પછાતવર્ગ સ્ત્રી |
| ૩ | ૩ | પછાતવર્ગ |

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **સોનગઢ** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૧. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નક્કી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદ્દત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજય ચૂંટણી આયોગ **સોનગઢ** નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

**રાજય ચૂંટણી આયોગના આદેશથી,**

રાજય ચૂંટણી આયોગ, ગુજરાત રાજય * ગાંધીનગર * સત્યમેવ જયતે

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

# અનુસૂચિ–૧

## સોનગઢ નગરપાલિકા, જિલ્લો તાપી

**વોર્ડ નં.૧**

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસતિ | અ.જ.જા. વસતિ | કુલ વસતિ | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| ૧ | ૧ | ૦ | ૩૧૧ | ૫૬૭ | ૧ થી ૧૨૨ | વૃંદાવન સોસાયટી–વાંકવેલ બાંગી ફળિયા. |
| | ૨ | ૦ | ૩૦૫ | ૫૩૦ | ૧ થી ૧૮૭ | માર્કેટ ફળિયું, દેવજીપુરા. |
| | ૩ | ૫ | ૧૭૭ | ૫૪૨ | ૧ થી ૧૧૭ | પાણીની ટાંકીનો વિસ્તાર, પીપળ ફળિયું, દેવજીપુરા. |
| | ૪ | ૩૪ | ૭૧ | ૬૩૨ | ૧ થી ૧૩૨ | યુ.પી. નગર, પીપળ ફળિયું. |
| | ૫ | ૦ | ૮૭ | ૫૯૯ | ૧ થી ૧૨૧ | દેવજીપુરા, મેઈન રોડ, કુંભાર વાડા, મરાઠી શાળા. |
| | ૬ | ૬૦ | ૪૫ | ૭૮૬ | ૧ થી ૧૪૩ | દેવજીપુરા, બાપા સીતારામનગર. |
| | ૭ | ૦ | ૨૭ | ૩૨૯ | ૧ થી ૦૬૪ | વૃંદાવન સોસાયટી, બાપા સીતારામનગર. |
| | કુલઃ | ૯૯ | ૧૦૨૩ | ૩૯૮૫ | | |

**વોર્ડ નં. ૧નું હદનું વર્ણનઃ–**

મોજે દુમદાગામના સીમાડાને લાગુ સર્વે નં. ૩૨ થી શરૂ કરી પૂર્વ તરફ આગળ જતાં સર્વે નં. ૩૭ અને ૩૮ થઈ આગળ જતાં થર્મલ પાવર સ્ટેશને જતી રેલ્વે લાઈન ક્રોસ કરી આગળ જતાં સર્વે નં.૪૨ થી ૪૩ સુધી જઈ ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં સર્વે નં.૪૫ સુધી જઈ ત્યાંથી ઈશાન બાજુ સર્વે નં. ૫૦, ૫૧ થી આગળ જઈ સર્વે નં.૫૨/૧ એરડોરને (દવા બનાવવાનું કારખાનું) લાગુ ગુણસદા ગામના સીમાડા સુધી જઈ ત્યાંથી દક્ષિણ તરફ આગળ સર્વે નં.૫૨/૨ થઈ ઉકાઈ રોડ ક્રોસ કરી લાગુ પરોઠા હાઉસના સીમાડા(વાંકવેલ)થઈ સર્વે નં. ૯/૧, ૮/૨ થઈ આગળ જતાં સર્વે નં. ૧૫ થઈ આગળ જતાં દેવજીપુરા બાપા સીતારામનગર વિસ્તાર થઈ પશ્ચિમે આગળ જતાં સર્વે નં. ૮૭ થઈ ખાડીના કિનારે ભરવાડ વિસ્તાર થઈ આગળ જતાં હનુમાન મંદિર સામે પંચાલ મહોલ્લો થઈ આગળ જતાં જૂનાગામ મેઈન રોડ ક્રોસ કરી વાણિયા ફળિયાના ઉત્તરે આવેલ કલ્યાણ કુટિર મંદિર થઈ આગળ જતાં નવનીતમામાની ગલીને ક્રોસ કરી પશ્ચિમે આગળ જતાં પારેખ ફળિયાના સીમાડા થઈ પીપળ ફળિયા થઈ આગળ જતાં થર્મલ પાવર સ્ટેશને જતી રેલ્વે લાઈન ક્રોસ કરી પશ્ચિમે આગળ કિલ્લાને તળેટી થઈ આગળ જતાં સર્વે નં.૧ અને ૨૩ થઈ આગળ જતાં સર્વે નં.૨૪ સુધી જઈ ત્યાંથી ઉત્તરે મોજે બેડવાણ ગામના સીમાડા થઈ આગળ જતાં સર્વે નં.૩૧ થઈ લાગુ મોજે દુમદાગામના સીમાડા સર્વે નં.૩૨ સુધી.

## સોનગઢ નગરપાલિકા, જિલ્લો તાપી

### વોર્ડ નં.૨

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસતિ | અ.જ.જા. વસતિ | કુલ વસતિ | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| ૨ | ૮ | ૦૦ | ૪૬૧ | ૫૧૬ | ૧ થી ૧૫૦ | વાંકવેલ નિશાળ ફળિયું, (ઉકાઈ રોડ) |
| | ૨૬ | ૨૧ | ૧૭૦ | ૭૯૩ | ૧ થી ૧૬૦ | પંચવટી હનુમાન વિસ્તાર, શાંતિવન વિસ્તાર, પ્રતિમા નગર, શક્તિનગર. |
| | ૨૭ | ૧૫૪ | ૧૯૨ | ૬૩૯ | ૧ થી ૨૨૧ | પ્રતિમા નગર, શિવનગર. |
| | ૨૮ | ૦૧ | ૧૭૭ | ૬૫૩ | ૧ થી ૨૩૪ | નવો આર.ટી.ઓ. વિસ્તાર, લકકડકોટ રોડ વાંકવેલ, સતેશ્વરનગર(પરોઠા હાઉસ). |
| | ૨૯ | ૧૬ | ૧૩૯ | ૭૭૮ | ૧ થી ૧૫૯ | સતેશ્વરનગર(પરોઠા હાઉસ), બંટી ગેસ્ટ હાઉસ, અલંકાર સિનેમા પાછળ, શિવાજીનગર. |
| | ૩૦ | ૦૦ | ૧૦૭ | ૫૬૫ | ૧ થી ૧૨૧ | શિવાજીનગર અલંકાર સિનેમા. |
| | **કુલ:** | **૧૯૨** | **૧૨૪૬** | **૩૯૪૪** | | |

**વોર્ડ નં.૨ના હદનું વર્ણન:–**

લાગુ દેવજીપુરાના વોર્ડ નં.૧ ના સિમાડા સર્વે નં. ૮/૨ સામેથી કરી ઉત્તર તરફ આગળ જતાં સર્વે નં. ૮/૪ લાગુ ઉકાઈ ત્રણ રસ્તા ક્રોસ કરી આગળ જતાં ગુણસદા ગામના સીમાડાની હદે આગળ જતાં ઉકાઈ રોડ ક્રોસ કરી પૂર્વ તરફ આગળ જતાં સર્વે નં.૫૭ થઈ આગળ જતાં મોજે પાંખરી ગામના સીમાડા તરફ આગળ જતાં સર્વે નં. ૫૯, ૬૪/૨, ૬૬, ૬૭, ૭૦, ૭૧ સુધી જઈ સુરત ધુલિયા નેશનલ હાઈવે ક્રોસ કરી સર્વે નં. ૭૬/૨, ૯૯ આગળ જતાં દક્ષિણ રેલ્વે લાઈન ક્રોસ કરી લાગુ લકકડકોટ ગામના સીમાડે થઈ સર્વે નં.૧૧૫/૧, ૧૧૫/૨ અને સર્વે નં. ૧૧૫/૩ સુધી જઈ લાગુ મોજે ચાપાવાડી ગામના સીમાડે પશ્ચિમ તરફ આગળ જતાં ઉત્તર તરફ લાગુ દશેરા કોલોની સીમાડે આગળ જતાં સર્વે નં.૧૧૮/૧ થઈ આગળ જતાં રેલ્વે ક્રોસ કરી આગળ જતાં ઝરણા(તળાવ) થઈ ઉત્તર તરફ આગળ જતાં સર્વે નં. ૧૨૧/૧ ઉત્તર તરફ આગળ જતાં રમણીય પાર્ક સોસાયટીના ઉત્તર તરફ શિવાજીનગર વિસ્તાર થઈ ટ્રાયબલ ઓફીસ થઈ લાગુ નેશનલ હાઈવે ક્રોસ કરી ઉકાઈ રોડ તરફ આગળ જતાં શિવનગર થઈ લાગુ નવાગામના સિમાડે ઉત્તરરોડ તરફ આગળ જતાં પંચવટી હનુમાન મંદિર વિસ્તાર અને રાઈસ મીલ થી આગળ જતાં સર્વે નં. ૩૧/૧માં મીની વોટર વર્કસ સામે આગળ જતાં ખાડી ક્રોસ કરી સર્વે નં.૨૧ અને ૧૩૧ ના ઉત્તરે આગળ જતાં સર્વે નં.૨ થઈ પશ્ચિમે આગળ જતાં લાગુ દેવજીપુરાના સીમાડાના સર્વે નં.૮/૨ સુધી.

## સોનગઢ નગરપાલિકા, જિલ્લો તાપી

### વોર્ડ નં.૩

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસતિ | અ.જ.જા. વસતિ | કુલ વસતિ | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| ૩ | ૯ | ૧૩ | ૨૧૭ | ૭૨૨ | ૧ થી ૧૪૩ | માધવનગર વાંકવેલ, જમાદાર ફળિયું. |
| | ૧૦ | ૧૫ | ૩૩ | ૭૫૩ | ૧ થી ૧૪૨ | જમાદાર ફળિયું. |
| | ૧૧ | ૦ | ૧૯૩ | ૭૨૩ | ૧ થી ૧૪૨ | નદી કિનારો, કન્યાછાત્રાલય જમાદાર ફળિયું, એસ. ટી. ડેપો પાછળ |
| | ૧૨ | ૫ | ૪૭ | ૬૮૧ | ૧ થી ૧૨૪ | જમાદાર ફળિયું, રામદેવપીર મંદિર, પ્રાથમિક શાળા વિસ્તાર. |
| | ૧૩ | ૧૦૩ | ૧૧૫ | ૬૫૧ | ૧ થી ૧૦૫ | નવાગામ જમાદાર ફળિયું. |
| | કુલ: | ૧૩૬ | ૬૦૫ | ૩૫૩૦ | | |

**વોર્ડ નં.૩ના હદનું વર્ણનઃ—**

પંચાલ મહોલ્લાના દક્ષિણે ખાડીથી શરૂ કરી દેવજીપુરાના સિમાડે થઈ પૂર્વ તરફ ખાડી કિનારે આગળ જતાં એસ.ટી.ડેપોના ઉત્તરે ખાડી કિનારે આગળ જતાં ઉકાઈ રોડ ક્રોસ કરી સર્વે નં.૧૦૧(સ્મશાન) સોનગઢ ઉકાઈ રોડના ઉત્તરે લાગુ દેવજીપુરાના સીમાડે આગળ જતાં સોનગઢ ઉકાઈ રોડ ક્રોસ કરી સર્વે નં. ૧૬ના પૂર્વમાં લાગુ પરોઠા હાઉસના સીમાડે આગળ જતાં વાંકવેલનાં માધવનગર સોસાયટીના વિસ્તારમાં આવેલ સર્વે નં.૧૮ અને ૨૦ થઈ વોર્ડ નં.૨ ના સર્વે નં.૨૧ના પશ્ચિમે અને સર્વે નં. ૮૫ના સીમાડે આગળ જતાં ખાડી કિનારે શકિતનગરના ગેટના પશ્ચિમે મીની વોટર વર્કસ થઈ સોનગઢ ઉકાઈ રોડ ક્રોસ કરી જમાદાર ફળીયામાં ભરવાડ મહોલ્લાના આંતરીક રોડ ક્રોસ કરી વનરાજભાઈ વ્યાસના ઘર પાછળના રસ્તે આગળ જતાં આંતરીક રસ્તો ક્રોસ કરી જૂની મરાઠી શાળા થઈ કન્યા છાત્રાલય થઈ જૂનાગામ મુસ્લિમ ફળિયાના આંતરીક રસ્તો ક્રોસ કરી ખાડીના ઉત્તરે સૂરજ કોમ્પ્લેક્ષ પાછળ ખાડી કિનારે આગળ જતાં જાગનાથ મંદિરના પુલ ક્રોસ કરી ખાડીથી આગળ જતાં પંચાલ મહોલ્લાનાં દક્ષિણની ખાડી સુધી.

## સોનગઢ નગરપાલિકા, જિલ્લો તાપી

### વોર્ડ નં.૪

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસતિ | અ.જ.જા. વસતિ | કુલ વસતિ | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| ૪ | ૧૪ | ૦ | ૧૩ | ૫૫૧ | ૧ થી ૧૧૮ | પારેખ ફળિયું, વાણિયા ફળિયું જુનાગામ. |
| | ૧૫ | ૦ | ૦૫ | ૪૨૦ | ૧ થી ૧૨૪ | પારેખ ફળિયું, સંગામચાલ સમર્પણ કોમ્પ્લેક્ષ, કોપળવાડી વિસ્તાર મેઈન રોડ. |
| | ૧૬ | ૦ | ૯૪ | ૭૧૯ | ૧ થી ૧૪૭ | પારેખ ફળિયું, દક્ષિણ ફળિયું, રામજી મંદિર વિસ્તાર. |
| | ૧૭ | ૦ | ૩૬૦ | ૫૭૪ | ૧ થી ૧૪૬ | હાથી ફળિયું. |
| | ૧૮ | ૪ | ૧૭૪ | ૪૩૩ | ૧ થી ૧૩૧ | હાથી ફળિયું, જૂનાગામ મુસ્લિમ ફળિયું, સુરજ કોમ્પ્લેક્ષ. |
| | ૧૯ | ૦ | ૧૪ | ૭૫૨ | ૧ થી ૧૪૧ | મુસ્લિમ ફળિયું, મસ્જિદ રોડ યુવક મંડળ(સલીમ મુલ્લા વિસ્તાર) |
| | કુલ: | ૪ | ૬૬૦ | ૩૪૪૯ | | |

**વોર્ડ નં.૪ના હદનું વર્ણનઃ-**

મોજે બેડવાણ ગામના પૂર્વ સીમાડેથી શરૂ કરી કિલ્લાની તળેટીએ દેવજીપુરાના સીમાડે પૂર્વ તરફ આગળ જતાં થર્મલ પાવર સ્ટેશન રેલ્વે લાઈનને ક્રોસ કરી સર્વે નં.૯૩ આગળ જતાં ગેસ ગોડાઉનના ઉત્તરેથી આગળ જતાં પારેખ ફળિયાનાં શંકર ભગવાન મંદિરની સામે લાગુ દેવજીપુરાના સીમાડા આગળ જતાં વાણિયા ફળિયા કલ્યાણ કુટિર જૂનાગામ મેઈન રોડ ક્રોસ દક્ષિણે આગળ જતાં જમાદાર ફળિયાને સીમાડાને લાગુ દક્ષિણે આગળ જતાં સૂરજ કોમ્પ્લેક્ષ થઈ મોટી મસ્જિદ ના પૂર્વ તરફ આગળ જતાં ખાડીના દક્ષિણે આગળ જતાં નવાગામના સિમાડા સુધી જઈ પશ્ચિમ તરફ આગળ જતાં લક્ષ્મી મોલ અને શાક માર્કેટ થઈ જૂનાગામ મુસ્લિમ ફળિયાના આંતરીક રસ્તો ક્રોસ કરી આગળ જતાં જુની પોસ્ટ ઓફિસ દક્ષિણ ફળિયાના પશ્ચિમે આગળ જતાં રણછોડજી મંદિર થઈ મિસ્ત્રી ફળીયા થઈ દક્ષિણે વૈશાલી ગેસ્ટ હાઉસના પશ્ચિમે ઈસ્લામપુરાના સીમાડે હાથી ફળિયાના પશ્ચિમે રેલ્વે લાઈન ક્રોસ કરી જેસીંગપુરાના પશ્ચિમે આગળ જતાં વોર્ડ નં.૭ ના સર્વે નં.૭૮, ૬૬, ૬૫, ૬૩ અને ૬૪ની હદે થઈ આગળ જતાં મોજે બેડવાણ ગામના સીમાડા સુધી.

## સોનગઢ નગરપાલિકા, જિલ્લો તાપી

### વોર્ડ નં.૫

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસતિ | અ.જ.જા. વસતિ | કુલ વસતિ | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| ૫ | ૨૦ | ૫ | ૭૮ | ૬૫૬ | ૧ થી ૧૪૬ | કુમારશાળા પાછળ મિસ્ત્રી ફળિયું, રણછોડ મંદિર વિસ્તાર, દક્ષિણી ફળિયું મુસ્લિમ ફળિયું(મેઈન રોડ) |
| | ૨૧ | ૬ | ૧૨૯ | ૬૨૪ | ૧ થી ૧૬૨ | શાકભાજી માર્કેટ ફળિયું, મુસ્લિમ ફળિયું |
| | ૨૨ | ૯ | ૭૭ | ૬૩૬ | ૧ થી ૨૪૨ | બ્રાહ્મણ ફળિયું. |
| | ૨૩ | ૮ | ૧૩૦ | ૬૯૮ | ૧ થી ૧૪૫ | વાણિયા ફળિયું, વિશ્વભવન, તુલસી કોમ્પ્લેક્ષ, અમૃત વાડી, કન્યા છાત્રાલય, પી.કે. કોમ્પલેક્ષ. |
| | ૨૪ | ૨૫ | ૬૮ | ૫૨૬ | ૧ થી ૧૧૩ | નવાગામ વાણિયા ફળિયું, ગુરૂધ્વારા પાછળનો વિસ્તાર, રાધાક્રિષ્ના આર્કેડ, મરીમાતા રોડ. |
| | ૨૫ | ૦ | ૦૯ | ૧૧૩ | ૧ થી ૧૪૮ | મારૂતિ ગેસ્ટ હાઉસ, સેન્ટ્રલ હોટલ વિસ્તાર, શાલીમાર હોટલ, ડૉ. કુમાર વિસ્તાર, વીર સાવરકર વિસ્તાર. |
| | ૩૧ | ૩૯ | ૧૭ | ૫૭૪ | ૧ થી ૨૮૦ | મચ્છી બજાર. |
| | **કુલ:** | **૯૨** | **૫૦૮** | **૩૮૨૭** | | |

**વોર્ડ નં.૫ના હદનું વર્ણનઃ—**

સોનગઢ પ્રાથમિક કુમારશાળાથી શરૂ કરી ઉત્તરે પારેખ ફળીયા સીમાડાને લાગુ મિસ્ત્રી ફળિયા અને રણછોડજી મંદિર થઈ દક્ષિણ ફળિયા આગળ જતાં જૂની પોસ્ટ ઓફિસ થઈ જૂનાગામ મેઈન રોડ ક્રોસ કરી મુસ્લિમ ફળિયાના આંતરિક રસ્તા ક્રોસ કરી આગળ જતાં દક્ષિણે શાક માર્કેટ અને લક્ષ્મી મોલ થઈ ખાડી ક્રોસ કરી લાગુ જમાદાર ફળિયાના સીમાડે આગળ જતાં કન્યા છાત્રાલય થઈ જૂની મરાઠી શાળા થઈ વનરાજભાઈ વ્યાસના ઘરના પાછળના રસ્તાની પૂર્વમાં આગળ જતાં આંતરિક રસ્તો ક્રોસ કરી આગળ જતાં ઉકાઈ રોડ ક્રોસ કરી પરોઠા હાઉસના સીમાડા સુધી જઈ દક્ષિણે આગળ જતાં રાઈસ મીલ અને પંચવટી હનુમાન મંદિર પાસેથી લાગુ ઉકાઈ રોડના દક્ષિણે આગળ જતાં નેશનલ હાઈવે સુધી જઈ પશ્ચિમ તરફ ગુરૂદ્વારા વિસ્તાર અને સાંઈ મંદિર થઈ દશેરા કોલોની સીમાડાને લાગુ દક્ષિણે આગળ જતાં ઓટા ચાર રસ્તા થઈ એન.આર. કોમ્પ્લેક્ષની આગળ જતાં વૈશાલી સિનેમાં સુધી જઈ ઈસ્લામપુરાના લાગુ સીમાડે આગળ જતાં ઉત્તર તરફ પોસ્ટ ઓફીસ અને રેસ્ટ હાઉસ થઈ ગૌરવપથ રોડ ક્રોસ કરી વૈશાલી ગેસ્ટ હાઉસ પાસે પ્રાથમિક કુમારશાળા સુધી.

# સોનગઢ નગરપાલિકા, જિલ્લો તાપી

## વોર્ડ નં.૬

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસતિ | અ.જ.જા. વસતિ | કુલ વસતિ | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| ૬ | ૩૨ | ૧૦ | ૪૬ | ૯૧૩ | ૧ થી ૧૬૪ | ઈસ્લામપુરા |
| | ૩૩ | ૦૦ | ૮૭ | ૮૯૨ | ૧ થી ૧૪૦ | અલીફનગર, ઈસ્લામપુરા |
| | ૩૪ | ૧૨ | ૦૯ | ૭૬૬ | ૧ થી ૧૩૩ | ઈસ્લામપુરા |
| | ૩૭ | ૭૭ | ૧૧૨ | ૭૦૨ | ૧ થી ૧૦૭ | વાલ્મીકિ નગર, અમનપાર્ક, સાર્થક હોસ્પિટલ, રેલવે સ્ટેશન રોડ, સર્વોદયનગર. |
| | ૩૮ | ૧૧ | ૨૫ | ૬૯૫ | ૧ થી ૧૧૩ | ઈસ્લામપુરા વૈશાલી સિનેમા સામેનો વિસ્તાર |
| | કુલ: | ૧૧૦ | ૨૭૯ | ૩૯૬૮ | | |

**વોર્ડ નં. ૬ના હદનું વર્ણનઃ–**

ફોર્ટ–સોનગઢ પાસે આવેલ થર્મલ રેલવેથી શરૂ કરી પૂર્વમાં આગળ જતાં પારેખ ફળિયાનાં સીમાડાથી આગળ જતાં અલીફ નગર વિસ્તાર થઈ ધીરજ હોસ્પિટલથી દક્ષિણે આગળ જતાં બના શોપીગ સેન્ટર થઈ મસ્જિદ તરફ જતો રસ્તો ક્રોસ કરી લાગુ નવાગામ સીમાડે વૈશાલી સિનેમા થઈ નેશનલ હાઈવે ક્રોસ કરી દક્ષિણ તરફ આગળ જતાં અગ્રેસન ભવન થઈ ખાડી ક્રોસ કરી સાર્થક હોસ્પિટલ થઈ આગળ જતાં સર્વોદય નગર વિસ્તાર થઈ અવતાર રેસીડન્સીમાં સંજીવની હોસ્પિટલ થઈ આગળ જતાં ખાડી ક્રોસ કરી દક્ષિણે આગળ જતાં સર્વે નં. ૭૧/૧ની હદે આવેલ વોર્ડ નં.૭ ના સર્વે નં. ૯૬ સુધી જઈ ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં નેશનલ હાઈવે ક્રોસ કરી થર્મલ રેલવે લાઈને આગળ જતાં સર્વે નં. ૭૭ થઈ ઉત્તર તરફ આગળ જઈ ફોર્ટ–સોનગઢ પાસે આવેલ થર્મલ રેલવે સુધી.

## સોનગઢ નગરપાલિકા, જિલ્લો તાપી

**વોર્ડ નં.૭**

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસતિ | અ.જ.જા. વસતિ | કુલ વસતિ | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| ૭ | ૩૫ | ૦૦ | ૨૨૩ | ૩૨૫ | ૧ થી ૦૬૬ | જેસીગપુરા |
| | ૩૬ | ૧૨ | ૫૯૯ | ૭૫૯ | ૧ થી ૧૨૬ | સોનારપાડા, રેલવે સ્ટેશન વિસ્તાર, રેલવે કવાર્ટસ |
| | ૩૯ | ૦૧ | ૫૮ | ૬૯૯ | ૧ થી ૧૨૦ | ડૉ. શ્રોફ દવાખાના પાછળ વિસ્તાર (શ્રીરામનગર) |
| | ૪૦ | ૨૧ | ૨૩ | ૬૪૫ | ૧ થી ૧૧૩ | ડૉ. શ્રોફ દવાખાના પાછળ, દશેરા કોલોની, ગણેશ નગર, ફોરેસ્ટ કોલોની. |
| | ૪૧ | ૦૫ | ૧૬૭ | ૬૦૨ | ૧ થી ૧૧૧ | ગણેશનગર, રમણીયપાર્ક. |
| | ૪૨ | ૧૧ | ૨૦૪ | ૩૦૩ | ૧ થી ૧૫૫ | દશેરા કોલોની, આદર્શ નિવાસ શાળા, બહુમાળી. |
| | ૪૩ | ૨૨ | ૧૬૪ | ૩૧૬ | ૧ થી ૦૭૧ | હુડકો સોનાનગર, દશેરા કોલોની, ફોરેસ્ટ રેંજ કોલોની, પશુચિકિત્સાલય, તાલુકા પંચાયત કવાર્ટસ, સાર્વજનિક હાઈસ્કૂલ, ટ્રાયબલ ઓફિસ જૂની ચેક પોસ્ટ. |
| | ૪૪ | ૦૭ | ૩૩ | ૧૬૩ | ૧ થી ૦૨૭ | નયનદીપ કોમ્પ્લેક્ષ, અવધ સ્ટોન કવૉરી, ગુજરાત સ્ટોન કવૉરી, સોનારપાડા સ્ટોન કવૉરી |
| | **કુલ:** | **૭૯** | **૧૪૭૧** | **૩૮૧૨** | | |

**વોર્ડ નં. ૭નું હદનું વર્ણનઃ—**

સુરત ધુલીયા નેશનલ હાઈવેથી શરૂ કરી ઉત્તરે આગળ જઈ મોજે પોખરણ ગામના સીમાડે આગળ જતાં મોજે બેડવાણ ગામના સીમાડે પૂર્વ તરફ આગળ જતાં કિલ્લાની તળેટી થઈ આગળ જતાં જેસીગપુરા વિસ્તાર થઈ રેલ્વે લાઈન સુધી જઈ ઈસ્લામપુરાના સીમાડે દક્ષિણ તરફ આગળ જતાં નેશનલ હાઈવે ક્રોસ કરી આગળ જતાં ખુલ્લો વિસ્તાર છોડી સર્વે નં.૯૬ સુધી જઈ ત્યાંથી ઈશાન ખૂણે સર્વે નં. ૭૨ થી ૭૫ની હદે આગળ જતાં પૂર્વ તરફ સર્વોદયનગર થઈ લાગુ સ્ટેશન રોડની હદે ઉત્તર તરફ આગળ જતાં સાર્થક હોસ્પિટલ થઈ ખાડી ક્રોસ કરી અગ્રેસન ભવન આગળ જતાં નેશનલ હાઈવે ક્રોસ કરી વૈશાલી સિનેમાની સામે પૂર્વ તરફ આગળ જતાં સામે આવેલ નયનદીપ કોમ્પ્લેક્ષ અને પેટ્રોલ પંપની આગળ જતાં મમતા હોસ્પિટલ થઈ ઓટા ચાર રસ્તા પૂર્વમાં નેશનલ હાઈવે સુરત ધુલીયા તરફ આગળ જતાં નવી તાલુકા પંચાયત થઈ સાર્વજનિક હાઈસ્કૂલ સામેથી ટ્રાયબલ કચેરીના પૂર્વમાં લાગુ પરોઠા હાઉસના સીમાડાના ઉત્તરે આગળ જતાં રમણીયપાર્ક સોસાયટીના પૂર્વ તરફ આગળ જતાં ખાડી કિનારે આગળ જતાં ઝરણું(તળાવ) થઈ આગળ જતાં રેલવે લાઈન ક્રોસ કરી સર્વે નં. ૧૧૬/૩ મોજે ચાપાવાડી ગામના સીમાડાના પશ્ચિમ તરફ સર્વે નં.૧૧૬/૧ થઈ રેલ્વે લાઈન ક્રોસ કરી સર્વે નં. ૫૩ પૈકી ૧ની હદે પશ્ચિમ તરફ આગળ જતાં રેલવે લાઈન ક્રોસ કરી સર્વે નં. ૯૯ મોજે રાણી આંબા ગામના સીમાડે ઉત્તરે આગળ જતાં રેલવે લાઈન ક્રોસ કરી સર્વે નં. ૯ થી ૧૨ થઈ મોજે કુમકુવાના સીમાડાની હદે ઉત્તર તરફ આગળ જતાં સોનારપાડાના ગામનો ખુલ્લો વિસ્તાર છોડી આગળ જતાં સુરત ધુલીયા નેશનલ હાઈવે સુધી.

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજ્ય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

# અનુસૂચિ–૨

## રાજય ચૂંટણી આયોગ
## ગુજરાત રાજય
## ગાંધીનગર

| | | |
|---|---|---|
| **સોનગઢ** નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ | ૨૬૫૧૫ | |
| કુલ વોર્ડની સંખ્યા | ૭ | |
| વોર્ડ દીઠ સરેરાશ વસતિ | ૩૭૮૮ | સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૪૧૬૭<br>સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૩૪૦૯ |
| બેઠકોની સંખ્યા | ૨૮ | |
| કુલ સ્ત્રી બેઠકો | ૧૪ | |
| અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૧ | તે પૈકી – સ્ત્રી બેઠક |
| અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૬ | તે પૈકી ૩ સ્ત્રી બેઠક |
| પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા | ૩ | તે પૈકી ૧ સ્ત્રી બેઠક |
| કુલ અનામત બેઠકો | ૨૦ | |
| સામાન્ય બેઠકો | ૮ | |

| અ.નં. | વોર્ડ નંબર | વોર્ડની વસ્તી | પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત | ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૩૯૮૫ | સામાન્ય | સામાન્ય | અનુસૂચિત આદિજાતિ | પછાતવર્ગ |
| ૨ | ૨ | ૩૯૪૪ | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૩ | ૩ | ૩૫૩૦ | સામાન્ય | સામાન્ય | અનુસૂચિત આદિજાતિ | પછાતવર્ગ |
| ૪ | ૪ | ૩૪૪૯ | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૫ | ૫ | ૩૮૨૭ | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૬ | ૬ | ૩૯૬૮ | પછાતવર્ગ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૭ | ૭ | ૩૮૧૨ | સામાન્ય | સામાન્ય | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય |
| | કુલ | ૨૬૫૧૫ | | | | |

( મહેશ જોશી )
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

રાજય ચૂંટણી આયોગ, ગુજરાત રાજય ગુજરાત * ગાંધીનગર *
સત્યમેવ જયતે